## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*મૃતાત્મા મોક્ષાર્થે થાય કથા, બાકી કોણ કોનું છે?*
*આત્મા પ્હેરે કાયા કલેવર, બાકી કોણ કોનું છે?*
*કથામાં દ્વેષ-વેરની વ્યથા, બાકી કોણ કોનું છે?*
*ભળી જશું પંચમહાભૂતે, બાકી કોણ કોનું છે?*

**હાઈકુ**

*માયા બંધન -*
*બળી જાય સિંદરી,*
*છૂટે ન ગાંઠ...*

*બંધાયા છે જે*
*વેર દ્વેષ દોરડે -*
*મળે ન મુક્તિ...*

### ચિંતન

*પ્રીતિ પ્રનય બિનુ મદ તે ગુની,*
*નાસહિં બેગી નીતિ અસ સુની*

**ઉપરોક્ત ચોપાઈ અરણ્યકાંડમાંથી લેવામાં આવેલ છે.**

**નીતિ વિનાનું રાજય, ધર્મ વિનાની ધન પ્રાપ્તિ, ભગવત્ સમર્પણ વિનાનું કર્મ, વિવેક વિનાની વિદ્યા પ્રાપ્તિ આ બધું નિષ્ફળ જાય છે. તેમ વિષય સંગથી યતિ - સંન્યાસી, બૂરી સલાહથી રાજા, માન પામવાથી જ્ઞાન, મદિરાપાનથી લજ્જા, નમ્રતા વિનાની પ્રીતિ અને મદથી ગુણવાનનું પતન થાય છે, એવી નીતિ મેં સાંભળી છે.**

**નીતિ વિનાનું રાજય, ધર્મ વિનાનું ધન વગેરે ઉપર જણાવેલ સદ્ગુણ જો ન હોય તો દેશ - રાષ્ટ્રનું પતન થાય છે.**

**એવી જ રીતે સદાચાર વિનાની વ્યક્તિ અને સંસ્કાર વિનાના સાધુનું પણ પતન થાય છે.**

### સુવિચાર

- 'આઝાદી' એટલે વગર ચોકિયાતે નેકીના પ્રયોગો કરવાનો અણમોલ અવસર - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- કામચોર એટલે રામચોર, કામચોર એટલે ધર્મદ્રોહી,
  એટલે જ ફોગટ ખાનાર ને ધર્મશાસ્ત્રો 'ચોર' કહે છે - **દાદા ધર્માધિકારી**
- જે જગતનો કરજદાર બનવાને બદલે જગતને ઋણી બનાવે છે એના જ સ્વમાનની લોકો વાહવાહ કરે છે.
  આ સ્વમાની યાચક નહીં, પણ સાચો દાની હોય છે - **જીવનસૂત્ર**
- મને મારી રીતે જીવન જીવવાની હોંશ અતિ છે...
  જગે રહેતા લોકો સમય સૌની ઔર મતિ છે - **સુરેશ દલાલ**
- વર્તમાન પાસે જ ભવિષ્ય ખરીદવાની શક્તિ છે - **મહેશીયન કહેવત**
- કોલંબસ પાસે જો સલાહકાર સમિતિ હોત તો એ કદી અમેરિકા ન શોધી શકયો હોત - **ચંદ્રકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : સફેદ તલ અને ખડી સાકર વાટી મધમાં ચાટવાથી ઝાડા મટે છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

સંતની સપ્તાહ સાંભળવા રાજા આવ્યા. રાજાએ અભિમાનથી સંતને કહ્યું, 'આપની સાધુતા પર પ્રસન્ન છું, જે માંગો તે આપવા તૈયાર છું.' સંતે કહ્યું, 'મારે એ જાણવું છે કે તમારી પાસે છે?' સંતે કહ્યું, 'મારે એ જાણવું છે કે રાજાએ કહ્યું,'જુઓ આ મારું દેહસૌંદર્ય....!! આવું તમે કયાંક જોયું છે ખરું ??' સંતે કહ્યું , 'રાજન, એ સૌંદર્ય કયાં તમારું છે? એ તો તમારા માતા-પિતાની બક્ષિસ છે.' રાજાએ કહ્યું, 'સૌંદર્ય ભલે વારસામાં મળ્યું હોય પણ આ સંપત્તિ તો સ્વયં સંપાદિત છે, મારો ભંડાર ધન-ધાન્યથી ભરપૂર છે, ઈચ્છો એટલું અન્ન આપું... માગો તેટલું ધન આપું...' સાધુ એ સામો સવાલ પૂછ્યો. 'આ ધન-ધાન્ય આપને કોણે આપ્યા?' એ આપનાર તો ધરતી માતા છે, જેમની પાસેથી બધું તમને મળ્યું છે.' વળી રાજાએ કહ્યું, 'સૌંદર્ય માતા-પિતાની બક્ષિસ હોય, ધનધાન્ય ધરતી માતાની ભેટ હોય પરંતુ આ રાજપાટ તો મારું છે ને?? અર્ધુ રાજપાટ માંગો તો પણ આપી શકું તેમ છું.' સાધુએ કહ્યું, 'જરા એ પણ વિચાર કરો રાજન કે ખુદ તમારા શરીરમાં જે પ્રાણ સંચાર થાય છે તેનો નિયંતા પણ બીજો કોઈ છે, તમે નથી.... સાચુ ને ?? પોતાનું જે હોય, તે પોતાની સાથે લઈ જવાય, આ દુનિયામાં ન કશું સાથે આવ્યું છે, કે ન કશું સાથે લઈ જવાય છે. હવે આપ જ કહો, આપની પાસે આપનું પોતાનું કશું જ હોય તો મને શું આપી શકો ??'

સંતનો જવાબ સાંભળી રાજા સ્તબ્ધ બની ગયા. અને તેમનું અભિમાન ઓગળી ગયું.

# સંભવિત ખરડાની આગોતરી અસર

**તંત્રીસ્થાનેથી...**

અધિકૃત વિપક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત નહીં કરી શકેલી કોંગ્રેસ પાર્ટીનાં રાષ્ટ્રીય અધ્યક્ષાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી શિયાળુ સત્ર બોલાવવામાં રાજકીય ગણતરી માંડી રહ્યા છે અને સંસદનો સામનો કરવાથી કતરાઈ રહ્યા છે એવો આક્ષેપ કર્યો હતો. સામાન્ય શિરસ્તા મુજબ સંસદનું શિયાળું સત્ર નવેમ્બર માસમાં બોલાવાતું રહ્યું છે, પરંતુ મોદી માટે ગુજરાતની ચૂંટણી જ ટૉપ પ્રાયોરિટી બની રહેલ છે. એમને વારંવાર ગુજરાતની ચૂંટણીસભાઓ સંબોધવી પડે એમ છે કારણ કે ગુજરાતમાં એમની પાર્ટી માટે સાચા અર્થમાં તેઓ એકલા જ સ્ટાર પ્રચારકની ભૂમિકા ભજવી શકે એમ છે. વિવિધ આંદોલનોની પ્રતિકૂળ અસર નિવારવા એમને જિલ્લે જિલ્લે અને તાલુકે તાલુકે ફરવું પડે એવી સ્થિતિ સરજાઈ છે. આથી જો સમયસર શિયાળુ સત્ર બોલાવો તો સંસદમાં અનેક મુદ્દાઓ પર શાસક પક્ષ રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ જાય એમ હતી. આ નિવેદન પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિસેમ્બરમાં સંસદનું શિયાળું સત્ર બોલાવવાનું નક્કી કર્યું છે. વળી આ સત્રમાં ટ્રિપલ ટલાક મુદ્દે ખરડો લાવવાની જાહેરાત કરીને મુસ્લિમ મહિલાઓને ખુશ કરવા ઉપરાંત હિંદુ મતદારોને આવું પગલું ભરનાર બહાદુર વડાપ્રધાન તરીકે આકર્ષી શકશે. એનો લાભ ગુજરાતની ચૂંટણીમાં પણ અંકે કરી લેવાની તક એમને ઝડપી લીધી છે અને તે પણ સુપ્રીમ કોર્ટના આ સંદર્ભે અપાયેલ આદેશના નામે. કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હોત તો તે મુસ્લિમ મૌલવીઓને નારાજ કરનારો આવો ખરડો લાવતાં પહેલાં સત્તર વાર પુનર્વિચારણા કરત. રાજીવ ગાંધીએ શાહબાનો કેસના અદાલતી ચુકાદાને નિરસ્ત કરવા બંધારણમાં સુધારો કરવાનું પસંદ કર્યું હતું કારણ કે તેઓ કોંગ્રેસની પ્રસ્થાપિત પસંદ કર્યું હતું કારણ કે તેઓ કોંગ્રેસની પ્રસ્થાપિત વોટ બેંક ખંડિત થાય એવું નહોતા ઈચ્છતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટ્રિપલ તલાકનો ખરડો લાવી માત્ર હિંદુ સમાજ કે મુસ્લિમ મહિલાઓને જ નહીં બલકે દુનિયાના પ્રગતિશીલ વિચારસરણી ધરાવતા પ્રબુદ્ધ જનોને પ્રભાવિત કરી શકે તેમ છે. સોનિયા ગાંધીએ મહિલા આરક્ષણના પડતર ખરડા વિશે પણ આ અગાઉ નુક્તેચીની કરી હતી. ભારતીય જનતા પાર્ટી એની પિતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રભાવ હેઠળ આવા ખરડાનું સીધું સમર્થન કરતાં અચકાતી રહી છે, પરંતુ દેખાવ ખાતર મહિલા આરક્ષણ મુદ્દે સહમત હોવાનું જણાવી દોષનો ટોપલો મુલાયમસિંહ અને લાલુપ્રસાદ યાદવ જેવા કોંગ્રેસના સમર્થક પ્રાદેશિક નેતાઓ પર ઢોળે છે. આ નેતાઓ આરક્ષણમાં આરક્ષણની વાત મૂકે છે, એમાં મુસ્લિમો અને આરક્ષિત દલિત-આદિવાસી વર્ગો ઉપરાંત ઓબીસીની અનામત દાખલ કરવા માગે છે, જેથી મહિલા આરક્ષણનો લાભ ફક્ત ઊજળા વર્ણની મહિલાઓને જ અપાવવાની ભાજપની નીતિ સફળ ન થાય. દાયકાઓથી લટકતા રહેલા મહિલા આરક્ષણના મુદ્દાને અભેરાઈએ ચડાવી વર્તમાન સરકાર અયોધ્યામાં રામમંદિર જેવા મુદ્દે આગળ વધવા માગે છે. શિયા મુસલમાનોએ તો લખનૌમાં મસ્જિદ અને અયોધ્યામાં રામમંદિરનો મુદ્દો રજૂ પણ કર્યો છે. બાબરી મસ્જિદ પર સુન્ની મુસલમાનોના દાવાને પડકારતા શિયા મુસલમાનોને હાથ પર લઈ અયોધ્યામાં રામજન્મભૂમિ મંદિરનું નિર્માણ થઈ શકે એમ છે. જો આ વ્યૂહ સફળ થશે તો ફરી એકવાર ભાજપને હિંદુ બહુમતીનું ઉમળકાભર્યું સમર્થન સાંપડવાની શક્યતા છે. વિકાસ ગાંડો થઈ શકે છે, પરંતુ સદીઓથી બહુમતી સમાજના ડીએનએ સાથે અંકિત થયેલ ધર્મભાવના અકબંધ જ રહી છે, તેનો પૂરેપૂરો લાભ ઉઠાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમની પાર્ટી કૃતસંકલ્પ છે. આ તમામ મુદ્દા સીધી કે આડકતરી રીતે ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં પણ ગાજશે, એમાં શંકાને સ્થાન નથી.

# આમળા શ્રેષ્ઠ રસાયણ ઔષધ છે





**પહેલું સુખ તે જાતે નર્યા**
ડો. કેદાર ઉપાધ્યાય

ગાંધીનગરમાં ધીમે ધીમે રૂટીન ચેન્જ થઈ રહ્યું છે. મૉર્નિંગ વોકર્સની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે, વહેલી સવારે ચાદર ઓઢવી પડે છે, વેસેલીનનો ઉપયોગ પણ શરૂ થઈ ગયો છે, અને માર્કેટમાં સરસ મજાના આમળાની આવક શરૂ થઈ ગઈ છે..એટલેકે શિયાળાનો સમય શરૂ થઈ ગયો છે. શિયાળો એટલે મોટાભાગના લોકોની ગમતી સીઝન. શિયાળામાં વધુ ફ્રેશ રહેવાય. અને શરીર પ્રત્યે નેચરલી જ થોડી વધુ સજાગતા પ્રવર્તે. આ સજાગતાને ધ્યાનમાં લઈને આજે આપણે શરીર માટેના બેસ્ટ ટોનિક આમળાની વાત કરીએ.
આમળાનું આયુર્વેદમાં પ્રચૂર વર્ણન છે. ખૂબ ઉપયોગીતા છે અને ખૂબ ઈમ્પોર્ટન્સ છે. ત્રિફળામાંના એક દ્રવ્ય એવા આમળા અનેકાધિક રીતે ગુણકારી છે. આમળાને અમૃતફલા અને વયસ્થા કહ્યા છે, એટલેકે આમળાનું નિત્ય સેવન કરનારાઓ દિર્ઘાયુષ્ય ભોગવે છે અને અકાલ મરણને પ્રાપ્ત થતા નથી. વિટામિન ''સી''ના પ્રચૂર સ્રોત એવા આમળાના ગુણોને જાણીએ.

આમળા શ્રેષ્ઠ રસાયણ ઔષધ છે. આયુર્વેદમાં આમળાને લગતા અનેક રસાયણ પ્રયોગો છે..અમુક પ્રયોગોમાં તો એવા એવા વર્ણનો છે કે જે આજે આપણને પ્રેક્ટીકલી અશક્ય લાગે પણ આ અતિશયોક્તિયુક્ત વર્ણનો પાછળનો અનિર્દિષ્ટ સાર આમળાની કાર્મુકતા અને પ્રભાવને સિધ્ધ કરે છે. આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પહેલા લખાયેલ ચરકસંહિતામાં વર્ણીત આમળાના એક રસાયણ પ્રયોગ પર નજર કરીએ...

''વ્યક્તિએ એક વર્ષ સુધી ફક્ત ગાયનાં દૂધ પર રહેવું, ગાયત્રીમંત્રના જાપ કરવા અને બ્રહ્મચર્યનું પાલન કરવું. એક વર્ષ બાદ ત્રણ દિવસના ઉપવાસ કરી, શારીરિક શુધ્ધ થઈ, માગશર-પોષ મહિનાની કોઈપણ તિથિમાં આમળાના વનમાં પ્રવેશ કરવો. મોટા ફળોયુક્ત ભરપૂર આમળા જેમા હોય તેવા વૃક્ષ પર ચઢીને આમળા લેવા. આમળાને હાથમાં લઈ બ્રહ્મનો જાપ કરતા કરતા 'આમા અમૃતનો પ્રવેશ થઈ રહ્યો છે તેવી ભાવના કરવી' આથી તે આમળામાં અમૃતતત્વનો સંચાર થશે. આમળા મધુરતાને પામશે. આવા આમળા જેટલા ખાવામાં આવે તેટલા હજાર વર્ષનું (હા, હજાર વર્ષ) દિર્ઘાયુષ્ય વધે છે. મનુષ્ય સાક્ષાત દેવસ્વરૂપ બને છે અને લક્ષ્મી-સરસ્વતિને પામે છે.''છે ને કોઈ સાઈ-ફાઈ ફિલ્મની સ્ટોરી જેવું વર્ણન... સ્વાભાવિક જ.. આ પ્રયોગ કરવો પ્રેક્ટિકલી અઘરો છે, પણ એટલું તો ચોકકસ કહી શકાય કે આપણા મહર્ષિઓને આમળા પ્રત્યે કેટલો સ્નેહ અને વિશ્વાસ હશે કે તેઓ આટલું અદ્ભૂત વર્ણન કરી શકે...

આપણે ભલે આવા પ્રયોગો ન કરી શકીએ.. પણ આમળાની સીઝનમાં તેનો ઉપયોગ તો કરી જ શકીએ. આમળાથી ઈમ્યુનીટી વધે, સ્કીન સરસ થાય, વાળ માટે હિતકારી છે, તાવ મટે, શરીરની ગરમી દૂર થાય, ડાયાબીટીસ માટે ઉપયોગી છે, વીર્યવૃધ્ધિ થાય, શરીરમાં ક્યાયથી લોહી પડતું હોય (જેમકે નસકોરી, પાઈલ્સ કે વધુ પડતા માસિક) તેમા શાંતિ થાય, બાળકોની મેમરી વધે, ભૂખ અને પાચન સુધરે... આવા કેટલાય ઉપયોગો છે આમળાના. હા, પ્રમાણભાન નહિં ભૂલતા... અતિની ગતિ નથી... જેને ખટાશ વધું માફક નથી આવતી તેઓ પણ સાચવીને ઉપયોગ કરજો. બાકી, આ સિઝનમાં બેસ્ટ ટોનિક એવા આમળા અત્યારે તાજા-માજા મળે છે.. તો ખાઓ, ખવડાવો અને રહો ફીટ એન્ડ ફાઈન.

- contact@atharvaayu.com

# જાગિયે રઘુનાથ કુંવર! પંછી બન બોલે



**મનના ઉમંગો**
રણછોડ પરમાર

જેમ જેમ ઠંડી વધતી જાય છે તેમ તેમ સવારે વહેલા ઉઠવાનો કંટાળો પણ વધતો જાય છે. આમ તો હું એલાર્મ વાગે તે પહેલાં જાગી ગયો હોઉ છું છતાં પથારીમં ઉઠતાં જીવ થોડીક આનાકાની કરતો હોય તેવું લાગે છે. ઉઠવાનું મન થતું નથી પણ મનને ગમે તે રીતે મનાવીને , મક્કમ કરીને પથારીનો ત્યાગ કરું છું. એક વાર ઊભા થઈ ગયા પછી કશી મુશ્કેલી અનુભવાતી નથી. એક પછી એક પ્રાતઃકર્મ પતાવીને લગભગ સાત વાગ્યે હું રણછોડરાયના દર્શને જવા નીકળી જાઉં છું હમણાંથી આરતી શરૂ થાય તે પહેલાં પહોંચી જવાય છે.

મારી માતાએ વરસો પહેલાં ડાકોરમાંથી રણછોડરાયનો એક ફોટો ખરીદ્યો હતો, જે હજુ અમારા પાસે છે. તેમાં ફોટાની નીચે ''રસભીના રાય રણછોડ વસો મારા રૂદિયામાં '' એવું લખેલું વાંચીને મનને બહુ આનંદ થયો હતો. આ શ્રી રણછોડરાયની મંગલા આરતીની પ્રથમ કડી છે તેવી મને ખબર ન હતી. હું. હરગોવિંદભાઈ અને અજયભાઈ પહેલી વાર દ્વારકા ગયા ત્યાં સવારે અમે ભગવાનના દર્શને ગયા હતા. આરતી પતી ગઈ હતી. અમે દર્શન કરી બહાર નીકળ્યા ત્યારે બે બહેનો અત્યંત ભક્તિભાવે મંદિરને ભીતને અઢેલીને ઊભી ઊભી સરસ ભાવવાહી અવાજે ગાતી હતી.' 'રસભીના રાય રણછોડ વસો મારા રૂદિયામાં, સુખસાગર શ્રી રણછોડ વસો મારા રૂદિયામાં.' સુંદર અવાજે આ શબ્દો સાંભળવાથી હૃદયને એટલો બધો આનંદ થયો હતો કે જેનું હું આપને વર્ણન કરી શકુ તેમ નથી. એટલે એવો વ્યર્થ પ્રયત્ન પણ કરતો નથી. એ વખતે પણ ખબર નહોતી પડી કે આ રણછોડરાયની મંગળા આરતી છે. પરંતુ એટલું કહુ કે આરતીની પહેલી કડી જાણ્યા પછી બીજી કડીને મારા કાન સુધી પહોંચતાં મને ઘણા વર્ષો પસાર થઈ ગયા.

બે ત્રણ વરસ પહેલાં રોજ સવારે વહેલો ઉઠીને પહેલાં ચાલવા જતો. ઘેર પાછો આવીને છાપુ વાંચતો અને પછી સ્નાન કરતો. એકવાર આવી રીતે આંટો મારીને આવ્યા પછી બહાર નાની ખાટલી ઉપર છાપું વાંચતો હતો. (આ ખાટલી ઉપર પણ એક લેખ લખવા જેવો છે, હો !) ત્યાં પ્રજ્ઞાબેન આંટો મારીને આવ્યાં. મને કહે ''તમને રસ હોય તો જયંતી રવિ ઝૂંપડાવાળાના છોકરાંઓને સેક્ટર-૧ના બગીચામાં ભણાવે છે. તમે જોડાવ.'' મેં સમય પૂછ્યો, એમણે આઠ સાડાઆઠ વાગ્યે જવું પડે એવું કહ્યું હશે એવું યાદ આવે છે. બીજા દિવસે સવારે હું નહાઈ ધોઈને લગભગ સાડા આઠે પહોંચ્યો ત્યારે બાળકોએ ભણવાનું શરૂ કરી દીધુ હતું. શ્રીમતી જયંતી રવિને ઉચ્ચ શિક્ષણ કમિશ્નર તરીકે મેં શિક્ષણ વિભાગમાં જોયેલા હતા.તેમણે મારો સેમી ડાયરેક્ટ સેકશન અધિકારીની જગ્યા માટેનો છેલ્લો કઠિન ઈંટરવ્યુ લીધો હતો એ પણ સાલુ ભૂલાય તેવું નથી. રવિ સાહેબને પહેલી વાર જોયા. હું જાણે વરસોથી તેમની સાથે જોડાયેઓ હોઉ તેવી રીતે તેમના સદકાર્યમાં જોડાઈ ગયો. બાળકો ખુબ હોંશથી ભણવા આવતા હતા. અમે બધા પણ ખુબ પ્રેમથી તેમને ભણાવતા હતા. થોડા દિવસોમાં તો આ બધા બાળકો સાથે અમે મમતાથી જોડાઈ ગયા. બગીચા આવતા લોકો પણ અમારી પ્રવૃત્તિ જોતાં અને પ્રોત્સાહન આપતા. કેટલાક લોકો તો નોટ, પેંસિલ, રબર, ચોપડા વગેરે ભેટ આપતા. ઘણા અન્ય બાળકો પોતાના જન્મદિને અમારા બાળકોને ચોકલેટ આપવા આવતા. બગીચાની બહાર રોજ બેસતા સિનિયર સીટીઝનો તો એકવાર આ બધા બાળકો માટે પગમાં પહેરવાના સ્લીપર લઈ આવ્યા. બીજી વાર દફતર લાવ્યા. અરે એકવાર તો બધા માટે ઠંડીમાં પહેરવા માટે સ્વેટર લઈ આવ્યા. મારા મિત્ર શ્રી પંકજ શાહને અમારી આ પ્રવૃતિની ખબર પડી ત્યારે એણે મને પાંચસો રૂપિયા રોકડા આપીને બધા માટે દફતર લાવવાનું કામ મને સોંપ્યું. હું સ્લેટની સાથોસાથ દેશીહિસાબ પણ લઈ આવ્યો. જયંતી મેડમે કોઈ કોઈ વાર ઘેરથી કેક બનાવીને બાળકોને ખવરાવી. ઉનાળામાં રવિ સાહેબે કેટલીયે વાર શેરડીનો રસ પીવરાવ્યો હશે. એકબે વાર અમે બહારના ગલ્લે બનતા ગરમાગરમ અને ખુબ સ્વાદિષ્ટ ભજીયાં પણ ખાધાં.આ બધા ખરેખર બહુ મઝાના દિવસો હતા. એકવાર અમે દશેરાના દિવસે અમે તાજી ગરમ જલેબી પણ ખાધી. દિવાળી પછી મિઠાઈ તો ઘણાએ ખવરાવી હશે.

આ પ્રવૃતિને લીધે ઘણા માણસોની ઓળખાણ પણ થઈ. જયેશ પટેલ નામના એક કોલેજના આચાર્ય પણ અમને ઓળખતા થયા. એવી જ રીતે બેંક કર્મચારી. ગોવિંદભાઈ પટેલ મળ્યા.શ્રી પી. એમ આચાર્ય સાથે સંબંધ તાજો થયો જયસુખ વાઘેલા જેવા યુવાનોનો સંપર્ક થયો.બગીચાની બહાર બેસતાં ભૂતપૂર્વ મંત્રીશ્રી શ્રી હરિભાઈ , બાબુલાલની ઓળખાણ થઈ. અને બાળકો ? બાળકો તો જાણે ભવભવની ઓળખાણ હોય એમ એવી રીતે અમારી જોડે ભળી ગયા. અત્યારે પણ કોઈ બાળક સામું મળી જાય અને ''દાદા'' એવી બૂમ પાડે છે ત્યારે મન આનંદીત થઈ જાય છે પરંતુ ભણવાનું ક્યાં કદી કોઈને ગમે છે તે આ અબુધ દિશાહીન બાળકોને ગમે ? કમનસીબે બાળકોને ભણવામાં કંટાળો આવવા માંડ્યો. ધીરે ધીરે બાળકો ઓછા થવા માંડ્યાં. શ્રીમતી જયંતી રવિ અને સાહેબ ને આવવાની અનુકૂળતા ના રહી. કોઈ પણ જાતની જાહેરાત વગર અમારી ગાર્ડનસ્કુલ બંધ પડી.

પરંતુ મારા રોજિંદા જીવનમાં એક ફેરફાર થયો.અમારી શાળાનો સમય આમતો સાડાસાતનો હતો. હું એકવાર વહેલો ઉઠી પહેલાં મંદિરે જઈને પછી શાળાએ ગયો. પછી તો આ ક્રમ મને અનુકૂળ આવી ગયો. હું દરરોજ સવારે સાત વાગ્યે મંદિરે જવા લાગ્યો.ત્યાં મને આખી મંગળા આરતી સાંભળવા મળી. એના પ્રત્યેક શબ્દ સરસ છે. શ્રી પ્રફુલ્લભાઈ બહું ભાવથી અને બુલંદ અવાજે આરતી ગાય છે. નરોત્તમભાઈ બહુ સુંદર ઘંટ વગાડે છે તે મેં અગાઉ એક લેખમાં ( ઘંટનાદ) લખેલું છે. આરતીમાં આવનારા ભાઈ બહેનો જે ઉલટથી આરતીમાં જોડાય છે તે પણ માણવા જેવું છે. હજી મને આખી આરતી સ્પષ્ટ આવડતી નથી. ક્યારે આવડશે તે કહી શકાય તેમ નથી. પણ ગાવા-સાંભળવાની અને શ્રી રણછોડરાયના પ્રાતઃ સમયે દર્શન કરવાથી હદયને ખરેખર મઝા આવે છે આરતીના શબ્દોમાં કહુ તો '' પ્રાતઃ સમય પ્રભુનું મુખ નિરખી આનંદ ઉર ના સમાય રે, શૂરનર મુનિવર વેદ વખાણે સેવક સુખ હર ગાય રે !'' એવી મારી ભાવદશા છે. હવે મને મંગળા આરતી આખેઆખી સાંભળવા અને ગાવા મળે છે.મહાભારતયુગમાં શ્રી કૃષ્ણે ધર્મના કામો કરવા કેટલાયે કારસા કર્યા છે. એણે મને આ મંગળા આરતીમાં સામેલ કરવા કદાચ ગાર્ડન સ્કુલનું તરકટ તો રચ્યું નહીં હોય ને ?

પ્રભુભક્તિની આટલી વાતો કરી છે તો ચાલો ભેગાભેગ એક ભજન પણ ગાઈ લઈએ.

**જાગિયે રઘુનાથ કુંવર**

જાગિયે રઘુનાથ કુંવર ! પંછી બન બોલે .
ચંદ્રકિરન શીત ભઈ, ચકઈ પિય-મિલન ભઈ,
ત્રિવિધ મંદ ચલત પવન પલ્લવ દ્રુમ ડોલે.-જાગિયે....
પ્રાતઃ ભાનુ પ્રગટ ભયો, રજનીકો તિમિર ગયો;
ભૃંગ કરત ગુંજ ગાન કમલન દલ ખોલે. -જાગિયે.....
બ્રહ્માદિક ધરત ધ્યાન, સુર-નર-મુનિ કરત ગાન;
જાગનકી બેર ભઈ નયન-પલક ખોલે. -જાગિયે......
''તુલસીદાસ અતિ આનંદ નિરખી કે મુખારવિંદ;
દીનનકો દેત દાન ભૂષણ બહુ મોલે. જાગિયે...

# જીવનભર જિંદગી વિષે અમોને કંઈ ખબર નહોતી, મરણ ટાણે જ સમજાયું કે એ કારણ વગર નહોતી !



**લાગણીનો મેળો**
રસિક વાળંદ

જીવનભર જિંદગી વિષે અમોને કંઈ ખબર નહોતી.
મરણ ટાણે જ સમજાયું કે એ કારણ વગર નહોતી !

●●●

ચરે તે પશું. પશુઓનાં ટોળાં હોય. એને હાંકનાર ગોવાળ - ભરવાડ હોય. વિચરે તે મનુજ, હાથ-પગ સાથે મગજ ચલાવે તે માણસ, Man is a Rational animal માનવો સમાજ હોય. તેને દોરનાર નાયક - નેતા Leader હોય.

*આહાર નિંદ્રા ભય મૈથુન ચ સામાન્ય મેતદ્ પશુભિનેરાળામ્ ।*
*ધર્મો હિ તેષામધિકો વિશેષ: ધર્મેળહીના: પશુભિ: સમાના: ॥*

અર્થાત આહાર, નિદ્રા,ભય અને મૈથુન - પ્રજોત્પતિ આ ચાર બાબતો પશુ અને માણસોમાં સમાન જ હોય છે. માણસમાં ધર્માચરણ જ વિશેષતા છે. ધર્મહીન મનુષ્યો પશુ સમાન જ હોય છે.

ધર્માચરણ થકી જ મનુષ્ય પશુ કરતાં જુદો પડે છે. આ ધર્મ એટલે વિવેક. જેનામાં સારાસારનો વિવેક ન હોય તે મૂર્ખ - જડ ગણાય !

દોસ્તો, જન્માંતરોના પુણ્ય પ્રપાતે આ અમુલખ મનખા દેહ મળ્યો છે. આવા કિંમતી માનવ્યને સવાયુ સિદ્ધ કરવું જોઈએ. માનવ્યને વેડફી મારવું એ તો નરી બાલીશતા ગણાય. વિકસવા માટે મળેલા જીવનને સુખોપભોગ - વિલાસિતામાં વેડફી મારવુ એ મૂરખા છે. આપણા જીવનનું પ્રયોજન શું છે. એ આપણે સમજી લેવું જોઈએ. પ્રયોજન સમજાય તો જીવન પ્રવાસ સુગમ થાય. જીવનના પ્રયોજન પરત્વે સમાન બનીએ તો જીવન જીવવાને માણવા યોગ્ય લાગે... જીવનાનો આનંદ મળે... માનવ્ય સાર્થક થાય...

મિત્રો ! એક ગુરુકુળમાં ઘણા બધા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. કોઈ અમીર, કોઈ સામાન્ય તો કોઈ ગરીબ પણ હતા. આજે અભ્યાસનો અંતિમ દિવસ હતો. બધા વિદ્યાર્થીઓ પોતાને ઘરે જવા ઉત્સુક હતા. ગુરુજીએ બધા જ વિદ્યાર્થીઓને એક સ્થળે એકઠા કર્યા હતા અને કહ્યું, 'મારા વ્હાલા શિષ્યો, આ ગુરુકુળમાં આજે તમારો છેલ્લો દિવસ છે. તમારા અભ્યાસ દરમિયાન મેં તમારી ઘણી કસોટીઓ કરી છે. આજે એક અંતિમ પરીક્ષા લેવી છે. તમારે બધાએ પગમાં પગરખાં પહેર્યા વગર જ એક અંધારી સુરંગમાંથી પસાર થવાનું છે અને બીજા છેડેથી બહાર નીકળવાનું છે. હું સુંરગના બીજા છેડે તમારી રાહ જોઈશ.'

ગુરુજી બધાને સુરંગના દરવાજા પાસે લઈ ગયા અને સુરંગમાં પ્રવેશ કરવાને બધાને આદેશ કર્યો.

હુકમ થતાં જ બધા સુરંગમાં દાખલ થયા. અંદર ઘોર અંધારું હતું. એકબીજાનું મોઢું પણ જોઈ શકાતું ન હતું. બધા ટેકે ટેક આગળ વધી રહ્યા હતા. થોડા આગળ ગયા ત્યાં બધાના પગમાં નીચે પડેલાં ધારદાર પથ્થર વાગવા લાગ્યા. ખૂબ પીડા થતી હતી અને પગમાં લોહી પણ નીકળ્યું હતું. બધા જેમ તેમ કરીને સુરંગના બીજા દરવાજેથી લંગડાતા લંગડાતા બહાર નીકળ્યા. ગુરુજી બધાને આ સુરંગના અનુભવ વિશે પૂછી રહ્યા હતા. બધા પોતપોતાના પીડાદાયક અનુભવની વાત કરી રહ્યા હતા. આ વાતચીત ચાલતી હતી ત્યાં એક શિષ્ય સુરંગના દરવાજામાંથી બહાર આવ્યો. બધા તેને જોઈ હસવા લાગ્યા. ગુરુજીએ હસવાનું કારણ પૂછ્યું તો એક શિષ્ય બોલી ઊઠ્યો, 'ગુરુજી આ મોડો આવેલો વિદ્યાર્થી સૌથી આગળ હતો પણ એની મૂર્ખામીને લીધે એ સૌથી પાછળ રહી ગયો. એ સુરંગમાં પડેલા પથરા વીણી રહ્યો હતો. ગુરુજીએ આ મોડા પડનાર શિષ્યને આ વિશે પૂછ્યું. તો તેણે કહ્યું, હા, ગુરુજી એમની વાત સાચી છે. હું સૌથી આગળ હતો મને રસ્તામાં પડેલો ધારદાર પથ્થર વાગ્યો અને ખૂબ પીડા થવા લાગી એટલે મેં વિચાર્યું કે આ પથ્થર મારી પાછળ આવતા બીજા મિત્રોને પણ વાગશે. અને એને પણ પીડા થશે. મારા મિત્રોને પીડા ન થાય તે માટે મેં રસ્તામાં પડેલા પથ્થર ઉપાડી લીધા. ગુરુજીએ પૂછ્યું એ પથ્થર કયાં છે? જરા બતાવ, શિષ્યે ખીસ્સામાંથી હાથ નાખીને પથ્થર બહાર કાઢ્યા. પથ્થર જોતાં જ બધા આશ્ચર્યમાં પડી ગયા. કારણ કે એ પથ્થર નહીં પરંતુ હીરા હતા. ગુરુએ શિષ્યોને કહ્યું, 'આ જ તમારી પરીક્ષા હતી. એ હીરા મેં જ ત્યાં મુકાવેલા હતા. બીજાને મદદ કરવાની ભાવનાવાળા મારા શિષ્યો માટે એ મારી ભેટ હતી.'

દોસ્તો, આપણે પણ જીવનરૂપી અંધારી અને અજાણી સુરંગમાંથી પસાર થઈ રહ્યા છીએ. આપણને પડતી પીડા બીજાને ન થાય એવા શુદ્ધભાવથી કરેલા કાર્યો બીજા લોકોને ભલે પથ્થર ભેગા કરવા જેવા કાર્યો છે.

**સ્પર્શમણિ**

જીવન છે સુખ-દુ:ખની મેચ.
કોઈનો ફટકો તો કોઈને કેચ
રમનારા બે હોય છે ને પાડી દેનારા અગિયાર હોય છે.
તેમાંય
સૌથી નજીક ગણાતો વિકેટકીપર તો મોકાની રાહ
જોઈને જ ઊભો હોય છે.

●●●

કાચનો ટૂકડો બનીને રહેશો તો કોઈ અડશે પણ નહીં...
અને હા... જે દિવસ અરીસો બની જશો તો કોઈ જોયા વિના રહેશે પણ નહીં.

- rasikvaland1965@gmail.com